

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*'પદ' પછી નેતાઓ સેવાથી આઘા થઈ જાય છે,*
*ને દંભી નેતાઓ સિદ્ધાંતથી નાગા થઈ જાય છે,*
*થાય છે ધાંધા, ને કર્યા કરે લાંગા બિચારા અન્ના -*
*લે અસત્યની પંગા અને અળગા થઈ જાય છે*
*(હવે ગાંધીવાદીઓનું કામ નથી!)*

હાઈકુ

*મળે જો સત્તા,*
*પડી જાય છે કોઠે -*
*ખાયકી હોઠે...*

*જાય છે ખાડે,*
*તમામ વહીવટ -*
*મીલી ભગતે...*

*(કાયદાના રક્ષકો જ અહીં બને છે ભક્ષકો)*

### ચિંતન

*વિનયસ્ય મૂલં વૃદ્ધોપસેવા ।*

**ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**જ્ઞાનવૃક્ષો (પ્રકાંડ વિદ્વાનો) ની સેવા જ વિનયનો આધાર છે.**

**જે લોકો જ્ઞાનવૃદ્ધ છે એમની સેવા કરવાથી વિનયનો જન્મ થાય છે. મનુષ્યે હંમેશા વિદ્વાનોનો સંગ કરવો જોઈએ. અને એમણે સંચિત કરેલા જ્ઞાનધન ને પ્રાપ્ત કરવું જોઈએ. રાજનીતિ અને વ્યવહાર કુશળતાનું શિક્ષણ જ્ઞાન વૃક્ષો પાસે થી જ મેળવી શકાય છે. રાજા (શાસક) અને શાસનાધિકારીઓએ પણ વિદ્વાનોની વિનયપૂર્વક સેવા કરી એમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.**

**જે વિદ્વાન-જ્ઞાની અને વયસ્ક છે તેના લોકો પોતાના અનુભવ - વાચન અને જ્ઞાનને કારણે પૂજનીય છે તેમની સેવામાં - સહચારમાં રહેવાથી જ સંસ્કારની પ્રાપ્તિ થાય છે.**

### સુવિચાર

- ચહેરા પર મુસ્કાનને આંખોમાં પાણી લાગે છે હવે જિંદગી થોડીક સમજાણી - **ગીરીશ પરમાર**
- જે ભવિષ્યનો ભય ન રાખે એ જ વર્તમાનનો આનંદ લઈ શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારે દુ:ખથી છૂટવાનું છે, મરવાનું નથી - **જગદીશ ત્રિવેદી**
- ધર્મની શરુઆત કાલે કરશો તો ચાલશે, પણ અધર્મનો આજે જ ત્યાગ કરી દો - **અખંડ આનંદ**
- સત્ય યશનું મૂળ છે, સત્ય વિશ્વાસનું કારણ છે, સત્ય સ્વર્ગનું દ્વાર છે, સત્ય જ સિદ્ધિનું સોપાન છે - **અમૃત બિંદુ**
- બને એટલી ચાલાકી ઓછી કરો, ઉપરવાળાની મહેરબાની વધારે થશે - **ગુણવંત શાહ**
- આજનું ઔષધ : રોજ સવારે નરણે કોઠે અજમો અને ગોળ ખાવાથી અને રોજ રાત્રે જુલાબ લેવાથી શીળસ મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

કોઈ પણ ભય-આપત્તિથી ડરી દૂર ભાગવાને બદલે તેનો હિંમતપૂર્વક સામનો કરવો.

એક યુવતીને સ્વપ્નમાં રોજ સિંહ દેખાતો હતો. ઊંઘમાં ડરીને ઝબકીને જાગી જતી. પછી રડીને રાત પસાર કરતી. તેના પિતા તેને એક ડોકટર પાસે લઈ ગયા.

યુવતીની અને તેના પિતાની બધી જ વાતો ડૉકટરો સાંભળી. પછી ડૉકટરે યુવતીને વાત્સલ્ય પૂર્વક માથે તથા બરે. હાથ ફેરવતા કહ્યું, 'બેટા, સિંહ તો પ્રેમાળ પ્રાણી છે. લોકો અમસ્તા એનાથી ડરે છે. મને પણ સિંહ રોજ સ્વપ્નમાં આવે છે. સિંહ તો બહુ સારો છે. તે કોઈને મારતો નથી. તે તો તારી સાથે રમત કરે છે. મારી સાથે તો એ મારા ખોળામાં માથુ મૂકી સુઈ જાય છે. હવે તને જો સ્વપ્નમાં સિંહ આવે તો મારી જેમ એની સાથે મિત્રતા કરજે. ડૉકટરની વાત સાંભળી યુવતીના મનનું સમાધાન થઈ ગયું, તેનો ડર દૂર થઈ ગયો. હવે સિંહ સ્વપ્નમાં આવે તો પણ એ ઝબકીને જાગી જતી નથી કે ડરતી નથી.'

જીવનમાં પ્રતિકૂળતા આવે ત્યારે એનાથી ડરી જઈ દૂર ભાગવું એ કાયરતા છે. તેનો સામનો કરશો અને સામી છાતીએ સંઘર્ષ કરશો તો તમારો વાળ પણ વાંકો થઈ શકશે નહીં.

# નારી ચેતનાનું સન્માન

નારી ચેતનાનું સન્માન : અનુકરણીય ઉદાહરણ

ગાંધીનગરને સંસ્કારનગરીની ઓળખ ઉપલબ્ધ કરાવવામાં ફક્ત પાટનગરવાસી વિશિષ્ટ પ્રતિભાઓનું જ પ્રદાન નથી, બલકે આસપાસ વિકસેલી આધ્યાત્મિક ચેતનાનો અને વિદ્યા પ્રતિષ્ઠાનોનો પણ નોંધપાત્ર ફાળો છે. પાટનગર બહાર ખીલી ઊઠેલા આ મઘમઘતા આશ્રમો, ધર્મપીઠો અને વિદ્યાપીઠોને કારણે એ ઘણું ઊજળું બન્યું છે, એ ગાંધીનરથી કોબા તરફથી જતો ઍરપોર્ટને જોડતો ધોરી માર્ગ હોય કે ચ-૦ થી સરખેજ તરફ જતો સરખેજ-ગાંધીનગર હાઈવે અથવા ગોઝારીયા કે હિંમતનગર તરફ જતો રસ્તો : દરેક જગ્યાએ વિશિષ્ટ પ્રકારનાં તપોવન ફાલ્યાં છે. આચાર્ય તુલસીના પટ્ટ શિષ્ય મહાપ્રજ્ઞની માનસકન્યા સમી પ્રેક્ષાભારતી, આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ ધરાવતાં વિદ્યાસંસ્થાનો પ્રદાન કરી જનસેવા કરતો વિશ્વવ્યાપી સ્વામિનારાયણ સંપ્રદાય, જૈન ધર્મના મંદિર કે શ્રીમદ રાજચંદ્ર જેવા સદેહે મોક્ષના મંત્ર ભણાવતા સંતોના આશ્રમો વચ્ચે ગુજરાતના ક્રાંતિકારી લોકપુરુષ સ્વામી સચ્ચિદાનંદના આશ્રમે ચાલતો સાધનાશ્રમ આપણા સંસ્કારજીવનને વર્ષોથી પ્રેરણાનાં પીયૂષ પિવડાવતો રહ્યો છે. સ્વામીજી મૂળે ઉત્તર ગુજરાતના વતની પરંતુ કાશી જઈ શાસ્ત્રોના ગહન અધ્યયન પછી એમણે મધ્ય ગુજરાતમાં ચરોતર ખાતે આશ્રમ સ્થાપ્યો. આ ભૂમિનો પોકાર અવગણી ન શક્યા અને પચ્ચીસ વર્ષ પૂર્વે કોબા પાસે સચ્ચિદાનંદ સાધનાશ્રમ સ્થાપી સમાજને સમર્પણ અને સેવાનો સંદેશ પાઠવ્યો. સ્વામીજીના આશ્રમમાં વૃદ્ધો રહે છે. એમની સારસંભાળની મમતામયી જવાબદારી નિભાવનારાં પ.પૂ. મનીષા દેવી છેક ૧૯૯૧થી સાલથી જીવનના અંતપર્યંત અહીં રહ્યાં. સચ્ચિદાનંદજીએ શિષ્ય પરંપરા ઊભી નથી કરી, છતાં એ તો શિષ્યભાવે જ અહીં રહ્યાં અને સ્વામીજીની સમાજસેવા લક્ષી પ્રવૃત્તિને મૂક સેવા દ્વારા સાકાર સ્વરુપ આપતાં રહ્યાં.

**તંત્રીસ્થાનેથી...**

અહીં રહીને પોતાના ગુરુજીના નામે આરોગ્ય કેન્દ્રની સેવા શરુ કરી અને સ્વામીજીએ મંદિર બનાવવાની એમની ઈચ્છા પણ પરિપૂર્મ કરી. સામાન્ય રીતે સ્વામીજી નવા મંદિરોના નિર્માણ પ્રત્યે ઉદાસીન રહે છે. તેઓ હાલતા ચાલતાં માનવમંદિરોની પ્રાણપ્રતિષ્ઠાને જ જીવનકાર્ય ગણી પરંપરાગત સાધુ સમાજથી જુદો અને નોખો ચીલો ચાતરતા રહ્યા છે. પરંતુ કોબા આશ્રમ ખાતે એમણે પ.પૂ. મનીષાદેવીની ઈચ્છાને માન આપી કોલેશ્વર મહાદેવનું મંદિર પણ બનાવડાવ્યું. મનીષાબા આશ્રમવાસીઓ માટે માતૃસ્વરૂપા તપસ્વિની સાધ્વી હતા. એમણે જન્મ તો બાવળાના અમીન પરિવારમાં લીધો હતો, પરંતુ ૩૬ વર્ષની વયે ગુરુ વિદેહાનંદ તીર્થના હાથે દીક્ષા લીધી હતી. પોતાની સેવા - સમર્પણ સાધના અનવરત ચાલુ રહે એ આશયથી પ.પૂ. સ્વામીજીથી પ.પૂ. સ્વામીજીની નિશ્રામાં જ એમણે સાધ્વી સમર્પણા દેવીને સંન્યાસ દીક્ષા અપાવી હતી. માતૃવત્સલ મનીષાબા ૯૭ વર્ષની પાકટ વયે બ્રહ્મલીન થયાં ત્યારે એમને આશ્રમ પરિસરમાં જ અંતિમ વિદાય અપાઈ, જેની પ્રથમ પુણ્યતિથિએ આશ્રમવાસીઓએ એમની પ્રતિમા સ્થાપી એમને યોગ્ય અંજલી આપી છે. સ્વામી સચ્ચિદાનંદજીએ નારી શક્તિના સર્વોચ્ચ આવિર્ભાવ સ્વરુપે મનીષાદેવીને આશ્રમનાં અધિષ્ઠાત્રી પદે સ્થાપી સનાતન હિંદુ સમાજને એક દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. વળી પોતાનો દેહ ન રહે ત્યારે એમણે સરહદ પર એમની જ પ્રેરણાથી બનેલ ભવ્ય નડેચી માતાના મંદિર પાસે પોતાની અંત્યેષ્ટિ કરવાની ઈચ્છા દર્શાવી છે. જીવનભર રાષ્ટ્રચિંતન અને ધર્મના વિશુદ્ધિકરણ માટે ઝઝૂમતા રહેલા ક્રાન્તદષ્ટા સંત પોતાનાં અસ્થિ પણ રાષ્ટ્રની સીમાઓનું સંરક્ષણ કરતા સૈનિકોની બેરેકો નજીક વિખેરાય એવું ઈચ્છે છે. ગુજરાત સ્વામી સચ્ચિદાનંદજીની અસ્પૃશ્યતા વિરુદ્ધની ચળવળ કે નર્મદા અભિયાનમાં એમના પ્રદાનથી વાકેફ છે જ. આવા પરમ પાવન સંતનું સાંનિધ્ય ગાંધીનગરને પણ એના પાદરમાં જ પ્રાપ્ત થતું રહ્યું છે તે કોઈ નાનું સૂનું સૌભાગ્ય નથી.

# જમીનના શરત ભંગના કેસમાં મહેસુલ ધારાની કલમ ૨૦૨ની નોટીસ કબજો લેવા ફરજીયાત છે



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

જમીનમાં ગણોત ધારા કે જમીન મહેસુલના નિયમોનો ભંગ થતા શરત ભંગ થાય છે જે લગત જમીન સરકારશ્રી હસ્તક દાખલ કરવામાં આવે છે. આવી જમીનનો કબજો લેવા માટે મહેસુલ અધિકારીએ જમીન મહેસુલ ધારાની કલમ ૨૦૨ મુજબ જમીન માલીકને નોટીસની બજવણી કરવી ફરજીયાત છે અને આ નોટીસની નોંધ તથા હુકમની નોંધ જમીનના રેવન્યુ રેકર્ડમાં ૬ હક્ક પત્રકમાં કરવી ફરજીયાત છે. ખોટી રીતે કબજામાં રહેલ વ્યક્તિને જમીન મહેસુલ ધારાની કલમ ૨૦૨ મુજબ નોટીસ બજાવી કબજામાંથી દુર થવા જાણ કરવામાં આવે છે આ કોઈ ન્યાય નિર્ણયની કાર્યરીતી નથી પરંતુ જમીન મહેસુલ ધારાની જોગવાઈ મુજબની સામાન્ય કામગીરી છે જે રેવન્યુ અધિકારીએ કરવાની હોય છે.

જમીન મહેસુલ ધારાની કલમ ૬૧ અથવા ૭૯(૧) મુજબ દબાણ હોય તો જમીન મહેસુલ ધારાની કલમ ૨૦૨ મુજબ નોટીસની બજવણી ફરજીયાત છે જમીન માલીક કે દબાણ કરતાને જમીનમાંથી દૂર કરવા માટેની તાકિદ છે કોઈ નોટીસ વગર જમીન મહેસુલ ધારા ૬૧ અથવા ૭૯(૧)ની સત્તાના ઉપયોગમાં પસાર હુકમના આધારે સીધેસીધું પંચનામું હાથ ધરીને કબજો લેવા માટે કોઈ પગલા લઈ શકાય નહિ. જમીન મહેસુલ સંહિતાની કલમ ૨૦૨ મુજબની નોટીસ પોતે જ જમીનમાં ખોટી રીતે કબજામાં રહેલ વ્યક્તિને દૂર કરવા સત્તાધિકારી દ્વારા નોંધવામાં આવેલ આવા નિર્ણયને અથવા હુકમના પાલનની એક માત્ર પધ્ધતિ છે સંહિતાની કલમ ૨૦૨ મુજબ જોગવાઈનું સાદુ વાંચન પણ એ સ્પષ્ટ કરે છે કે તે આ પધ્ધતિ અને રીત દર્શાવે છે કે જે મુજબ વ્યક્તિને જગ્યાના કબજામાંથી દૂર કરવી જોઈએ.

નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઠરાવ્યા મુજબ સંહિતાની કલમ ૨૦૨ હેઠળ જગ્યાના કબજામાંથી દૂર કરવા માટે કોઈ ન્યાયિનિર્ણયની કાર્યરીતી નથી પરંતુ એ એક સાથે જ જો એક વ્યક્તિકે જેટલો જમીનના અનઅધિકૃત કબજામાં છે તેને દૂર કરાવી જોઈએ કોર્ટની સંપૂર્ણ પીઠ દ્વારા ઠરાવ્યા મુજબ સંહિતાની કલમ ૨૦૨ મુજબ જગ્યાના કબજામાંથી દૂર કરવા માટે કોઈ ન્યાયનિર્ણયની કાર્યરીતી નથી પરંતુ જે કબજામાંથી દૂર કરવા માટે સંહિતાની કલમ ૬૧ અથવા ૭૯(૧) મુજબનું દબાણણ નોંધવામાં આવ્યું હોય તો સંહિતાની કલમ ૨૦૨ મુજબ જગ્યાના કબજામાથી દૂર કરવાની નોટીસ કાઢયા બાદ જ ઉપસ્થિત થશે જો જગ્યાના અનઅધિકૃત કબજા માટેમાં રહેલી આવી વ્યક્તિ પોતાની જાતે જમીનનો કબજો ખાલી કરતો નથી તો અનઅધિકૃત કબજામાં રહેલી આવી વ્યક્તિ સામે કબજો મેળવવાના પગલા લેવા જોઈએ અને આવા તબક્કે માત્ર વાંધા અથવા વિરોધના પ્રશ્નો ઉભા થશે.

જો જમીન મહેસુલ સંહિતાની કલમ ૨૦૨ મુજબના પગલા ભરવામાં આવ્યા ના હોય તો સંહિતાની કલમ ૬૧ તથા ૭૯(૧) મુજબ સીધે સીધું પંચનામું કરી પગલા ભરી શકાય.

જો અરજદારને અપીલ કરતા પહેલા આવી પૂરેપૂરી તક આપી હોય અપીલ કરતાને દબાણ કરતા જ ગણાય તેની સામેનો કબજો દૂર કરવાના હુકમ ગેરકાયદેસરના અથવા વિકૃત ગણાય નિહ કારણ કે બચાવ કરતાએ સંહિતાની કલમ ૨૦૨ મુજબના પગલા ભરેલ નથી.

નામદાર કોર્ટે જમીન માલીકની દબાણ દૂર કરવાની અપીલ અશંત મંજુર કરી જણાવ્યું હતું કે બચાવ કરતાઓ માટે મુંબઈ જમીન મહેસુલ સંહિતાના ૧૮૭૯ની કલમ ૨૦૨ માં જણાવ્યા મુજબની પધ્ધતિની પ્રક્રિયાનું અનુસરણ કર્યા બાદ જ પ્રશ્નવાળી જમીનનો કબજો લેવાનો હક્ક વાંધો વિરોધ ઉભો થાય તો સંહિતા તપાસ હાથ ધરવાનું તેમજ સંહિતાની કલમ ૨૦૨ માં જણાવ્યા મુજબ જ પગાલ ભરી આગળ વધવાનું સક્ષમ સત્તાવાળાઓ એ કરવાનું રહે છે.

જયાં સુધી સંહિતાની કલમ ૨૦૨ મુજબના પગલા ભરી જરૂરી પ્રક્રિયાનું અનુસરણ કરીને ત્યારબાદ કબજો લેવામાં ન આવે ત્યાં સુધી બચાવ કરતાએ કલેકટર દ્વારા અપાયેલ હુકમને અસર આપવી જોઈએ નહિ. ઉપરોકત કેસમાં જમીનના દબાણ દૂર કરવા શરત ભંગના કારણે શ્રી સરકાર હેઠળ દાખલ થતી જમીનમાં જમીનના માલીક અગર તો દબાણ

**અનુસંધાન પાના નં. ૫ પર**

# અમે તો સમંદર ઉલેચ્યો છે પ્યારા, નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે

Beautiful people are Acts of Nature, but Beautiful old People are Works of Art...

"સુંદર યુવાન કે યુવતી એ કુદરતની કલા છે પણ સુંદર વૃદ્ધ વ્યક્તિ એ માણસની કલાનું - મહેનતનું પરિણામ છે !"

*- ડો. આઈ. કે. વીજળીવાળા*

આપણી આસપાસ આપણે જીવનના અંતિમ તબક્કાને મનભરીને માણતા અને Techno savvy પૌત્ર-પૌત્રી જોડે નવી નવી વસ્તુઓને શીખતા નવયુવાન વૃદ્ધોને જોયા છે. જીવનના અનેક ઉતાર-ચડાવ જોઈ ચૂકેલો આ વર્ગ જીવનની શરુઆતે આર્થિક સંકડામણ, કુટુંબની જવાબદારી, વડીલોની આજ્ઞાનું ચૂપચાપ પાલન કરવું આ તમામ બાબતો અનુભવી ચૂક્યો છે. પોતાના સંતાનો અને પૌત્ર-પૌત્રીઓ સાથે વાતચીત કરવાના હેતુથી તેઓ મોબાઈલ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરતા હોય છે. શરુઆતમાં આ બધી નવી બાબતોને સમજવા માટે બાળકો સાથે કચ-કચ કર્યા કરે છે અને કયારેક હાસ્યાસ્પદ રીતે અવનવા પ્રયોગો પણ કરે છે. પણ આ બધું સરવાળે તો નવી પેઢી સાથેના અનુસંધાનને સાધવાને માટે જ કરવામાં આવતી પ્રવૃત્તિ છે. એકબીજાને મળવું, સતત વાતચીત કરવી અને સંપર્કમાં રહેવું એ 'NRI' બાળકોના માતા-પિતા માટે જયારે સાવ જ અશક્ય બાબત બની ચૂકી છે ત્યારે તેઓ મોબાઈલ અને ટેકનોલોજીના માધ્યમથી બાળકો સાથે સંપર્કમાં રહેવાનો પ્રયાસ કરે છે. જો કે, જેના બાળકો હોસ્ટેલમાં રહે છે અથવા અન્ય શહેરોમાં ભણવા કે કમાવા માટે જાય છે તેમની પણ આ જ પરિસ્થિતિ છે!

બગીચામાં કે બાંકડે બેસીને નિરાશાપૂર્ણ અને હતાશ કુટુંબજીવનની વેદનાને ઠાલવ્યા કરતા પોતાની જાતને મોબાઈલમાં વ્યસ્ત કરી દેવામાં કે તે રીતે પણ બાળકોની નજીક પહોંચવાના તેમના આ પ્રયાસને આપણે બિરદાવવાને બદલે તેની નોંધ પણ લેતા નથી. આ જ રીતે પ્રવૃત્તિમય રહીને તેઓ પોતાના બાળકો જ નહિ પણ સ્કૂલ, કૉલેજના મિત્રોથી માંડીને ઑફિસના કલીગસ્ સહિત ઘણા નવા-જૂના લોકોના સંપર્કમાં આવી શકશે. એક રિપોર્ટરે એક વખત ૧૦૪ વર્ષનાં એક માજીને સવાલ પૂછ્યો કે, 'તમારી ઉંમરના લોકો માટે તમારે શું કહેવું છે ?' પેલાં માજી કહે, 'જિંદગીની સૌથી ઉત્કૃષ્ટ એવી આ ઉંમરમાં લોકો આનંદમાં રહેવાને બદલે ડિપ્રેશનથી અને હતાશાથી પીડાતા હોય છે. અરે ! કોઈ જ જાતની ફિકર વગર ઈશ્વરની નજીક રહીને જીવનને માણવાની આ જ તો ઉંમર છે !' આ વાતનું એક જીવંત ઉદાહરણ આપું તો અમારા યોગા-ટીચર એવા ભાવનાબહેન, હમણાં વેલેન્ટાઈન ડે નિમિત્તે જયારે તેમનાં પુત્ર અને પુત્રવધૂએ ઘરે ફોન કરીને જાણ કરી કે તેઓ બહાર જમીને આવશે ત્યારે ભાવનાબહેને પણ નક્કી કર્યું કે તેઓ તેમના પતિ સાથે વેલેન્ટાઈન ડે સેલિબ્રેટ કરશે. તેમણે નાની કેક, પતિને મનપસંદ એવી સાઉથ ઈન્ડિયન વાનગી અને કેન્ડલ લાઈટ્સથી ડેકોરેશન આ બધું જ ઘરે તૈયાર કર્યું અને એ પણ માત્ર એક જ કલાકના સમયગાળામાં ! અરે, સુંદર કેન્ડલ લાઈટ્ ડીનર કરીને 'વેલેન્ટાઈન ડે' ની ઉજવણી કરી તેના ફોટોગ્રાફસ પણ પાડ્યા. અમારા જમાનામાં તો આ બધું હોય જ નહિ એમ કહીને ફરિયાદ કરવા કરતાં તેમના બાળકોને પણ ઈર્ષ્યા આવે એવું સેલીબ્રેશન કરવાનો આ રસ્તો કેટલો અદ્ભુત અને '**unique**' કહેવાય ખરું ને ?

"હે ભગવાન ! તારો ખૂબ ખૂબ આભાર કે તેં વૃદ્ધાવસ્થા આપી ! જિંદગીને સમજવાનો મોકો આપ્યો. ધૈર્ય અને ડહાપણનો અનુભવ કરાવ્યો. શારીરિક તકલીફો છતાં નિઃસ્વાર્થ સ્મિત કરવાની શક્તિ આપી. ખરેખર વૃદ્ધાવસ્થા અદ્ભૂત છે !"

*- ડો. આઈ. કે. વીજળીવાળા (મોતીઆરો)*



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

આવું જ અન્ય એક ઉદાહરણ શ્રી ચંદ્રકાંતભાઈ દેથાનું છે, નાનપણથી ઘર-પરિવારને સંભાળ્યો, બાળકોનો સુંદર ઉછેર કર્યો, ભણાવ્યા ગણાવ્યા અને આ દરમિયાન બેંકમાં ચા અને તમાકુના સેવનની લત લાગી ગઈ ! પણ રિટાયટમેન્ટ પછી નક્કી કર્યું કે ચા પણ છોડી દેવી અને તમાકું પણ ! અને બીજા જ દિવસથી તેમણે આ બંને વસ્તુઓ છોડી દીધી ! ૩૫-૪૦ વર્ષથી પડેલી ટેવ એક જ નિર્ણયથી રાતોરાત છોડવી એ ખરેખર ખૂબ જ અઘરી બાબત ગણાય પણ તેમણે એ સિદ્ધ કરી બતાવ્યું કે દૃઢ નિશ્ચય કરવામાં આવે તો કોઈ બાબત અશક્ય નથી. બાળકોના લગ્ન પછી પતિ-પત્ની બંને એકલા જયારે સાથે રહે છે ત્યારે પોતે ભલે બહારની વસ્તુઓ ન ખાતા હોય પણ પત્નીને તેની ફેવરીટ પાણી-પુરી ખાવા માટે ચોક્કસ લઈ જાય ! આ પ્રકારના પોઝીટીવ ફેરફારો શીખવા જેવા છે. તેઓ આપણને દર્શાવે છે કે નાની-નાની વાતમાં જીવન ટૂંકાવી દેનારી આજની પેઢીને દૃઢ મનોબળ, કુટુંબ પ્રત્યેની લાગણી, સહનશીલતા અને ધૈર્ય જેવા ગુણોને પ્રાપ્ત કરવાની કેટલી જરૂર છે. ઈશ્વરે આપેલું આ અમૂલ્ય જીવન વેડફી દેવા માટે નહિ પરંતુ, ક્ષણેક્ષણના યોગ્ય ઉપયોગ કરવા માટે છે તે સમજવાની જરૂર છે. શારીરિક, માનસિક કે આર્થિક ડિપ્રેશનથી લડતા કોઈ પણ નવયુવાને એ વિચારવું કે પોતાના માતા-પિતા કે દાદા-દાદી કરતાં તેનો સંઘર્ષ નજીવો છે. દરેક સમસ્યાનું નિવારણ યોગ્ય સમયે થતું જ હોય છે. બસ થોડી ધીરજ અને થોડી શ્રદ્ધા રાખવામાં આવે તો 'હતાશા' નામનો શબ્દ સ્પર્શી પણ ન શકે ! 'સંબંધના સરોવર' પુસ્તકમાં સુકુમાર મહેતા એક સુંદર વાત લખી છે : 'પપ્પા પહેલેથી 'ચેનસ્મોકર' : આમ છતાં મારી કે મમ્મી સામે એ કદી ધ્રૂમ્રપાન કરતાં નહીં. મારી પુત્રી પ્રાચી ચાર વર્ષની હતી ત્યારે તેણે એકવાર એમને કહેલું કે, 'દાદા, તમારા કપડામાંથી (સિગારેટના ધુમાડાની) બહુ વાસ આવે છે! બસ, પૌત્રીના એક બોલ પર પ્રેમાળ દાદાએ ધ્રૂમપાન કાયમ માટે છોડી દીધું.' તો આવો, આવા દૃઢ મનોબળ ધરાવતા અને જીવનથી ભરપૂર એવા નવયુવાન વૃદ્ધોને દિલથી બિરદાવીએ !

Last Seen :

"'શૂન્ય' પાલનપુરી
અમે તો સમંદર ઉલેચ્યો છે, પ્યારા,
નથી માત્ર છબછબિયાં કીધાં કિનારે;
મળી છે અમોને જગા મોતીઓમાં !"

*- nehalgadhavi101@gmail.com*

# ગુજરાતમાં ભાજપી અશ્વમેધની આગેકૂચની વ્યૂહરચના



**અતિતની આજ**
**ડો. હરિ દેસાઈ**

હવે કૉંગ્રેસ અને ભાજપ બેઉમાં હાઈકમાન્ડની સરખી પરંપરા સ્થપાઈ ગઈ લાગે છે. છાસવારે કૉંગ્રેસી આગેવાનોને દિલ્હી તેડાવાય છે અને ભાજપી આગેવાનો છાસવારે ગુજરાત આવીને માર્ગદર્શન કરે એટલો ફરક છે.શનિવારે દિલ્હી દરબારમાં રાવ નાંખવાની શંકરસિંહ અને મંડળીની કવાયત ચાલતી રહી અને બાપુ ભડક્યાના મીડિયા અહેવાલો વાયા ૧૧, અશોક રોડ(ભાજપ કાર્યાલય) આવતા રહ્યા. પ્રજાની સમજદારીની આકરી કસોટી ચૂંટણી આવે ત્યાં લગી થવાની.ગુજરાતમાં રાષ્ટ્રીય જનતા પાર્ટી (આરજેપી) સ્થાપ્યા પછી પૂર્વ મુખ્યપ્રધાન અને

- રાહુલબાબાના દરબારમાં ભાજપી–ઇસ્ટાઈલમાં ચિંતન બેઠકોનો દોર સતત ચાલુ
- રાજ્યમાં વિપક્ષોની સ્થિતિ 'તંબૂરો સરખો કરતાં રાવણું ઊઠી જાય' એવી લાગે છે
- જે સત્તામાં હોય એ આપણા જ એવી ગુજરાતી પ્રજાની માનસિકતા સર્વવિદિત છે
- કૉંગ્રેસ અને આંદોલનકારી વિરોધીઓ ઉપરાંત 'આપ'ની પ્રતિષ્ઠા ખતમ કરાઈ

ભાજપના પૂર્વ પ્રદેશાધ્યક્ષ શંકરસિંહ વાઘેલા થાકી ગયા હતા. એના પછી પૂર્વ મુખ્યપ્રધાન અને રાજ્યમાં ભાજપનાં મૂળિયાં નાંખનાર કેશુભાઈ સવદાસ દેસાઈ-પટેલ પણ ભાજપના પૂર્વ મહામંત્રી (સંગઠન) ગોરધન ઝડફિયા સાથે મળીને ગુજરાત પરિવર્તન પાર્ટી (જીપીપી) સ્થાપીને થાક્યા હતા. શંકરસિંહે જાનીદુશ્મન કૉંગ્રેસનું શરણ સ્વીકારવું પડ્યું હતું. કેશુભાઈ-ગોરધનભાઈ લીલાતોરણે સ્વગૃહે પાછા ફરીને નરેન્દ્ર મોદી-અમિત શાહની કુરનીશ બજાવતા થયા. હવે ફરી એક વાર વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના-ઓબીસી મંચવાળા અલ્પેશ ઠાકોરને પ્રાદેશિક પક્ષ સ્થાપવાના અભરખા જાગ્યા છે. પાટીદાર અનામત આંદોલનના શઢ પર ચઢીને ક્યારેય છવાઈ ગયેલા હાર્દિક પટેલ આજકાલ રાજ્યની ભાજપ સરકાર એમને કનડી રહ્યાનું અરણ્યરૂદન કરવા માંડ્યા છે, પણ એ ઝળકે છે અરવિંદ કેજરીવાલની 'આપ' પાર્ટીના ટ્વિટ્સ અને વેબસાઈટ પર. ઉના દલિત કાંડે જેમને હીરો બનાવ્યા એ જિજ્ઞેશ જેવાણી રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ સહિતનાં સંગઠનોના માધ્યમથી રાજ્યવ્યાપી પ્રભાવ પાથરવા મેદાન પડ્યા છતાં એમનો આર્તનાદ ખોવાતો જાય છે.

સમગ્ર ગુજરાતમાં ઉપસી રહેલી આ યુવાત્રિપુટી કાંઈક નોખા રાજકીય વળાંક આણશે એવી અપેક્ષા હતી. લોકોને ભાજપ અને કૉંગ્રેસ સિવાયના ત્રીજા મોરચાના વિકલ્પ માટેની અપેક્ષા હતી, પણ ભાજપના નેતાઓના પાયાના સંગઠન, કેડર તથા ઝંઝાવાતી મીડિયા-પ્રચારે આ ત્રિપુટીને જ નહીં, કૉંગ્રેસને પણ ગુજરાતમાં રીતસર ફેંફે કરાવી દીધી હોય એવો માહોલ છે. દિલ્હીશ્વર નરેન્દ્ર મોદી પાસેના રિમોટ થકી શંકરસિંહનાં કેન્દ્રીય કાપડ પ્રધાન તરીકેનાં એનટીસી જમીનકાંડ હાકલાદેકારા કરવા માંડ્યાં અને એમણે સંકેતોની ભાષા સમજીને કૉંગ્રેસી હિતના ભોગે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સાથે ચા-પાણી કરવા માંડ્યાં. અડધોઅડધ કૉંગ્રેસી ધારાસભ્યો વાડ ઠેકીને ભાજપમાં જોડાવા આતુર છે. ભાજપમાં ગયા પછી ભલે નરહરિ અમીનની જેમ વખારે નાંખવામાં આવે, પણ સત્તા સાથેનું સંધાણ બીજાઘણા લાભ ખાટવામાં ઉપયોગી થઈ શકે. બાપુની હૂકાહૂક છતાં રાજ્યમાં ભાજપનું સત્તારોહણ અટળ લાગતું હોવાથી સત્તાવિહોણા કૉંગ્રેસીઓ સૂકાતા મોલની અવસ્થામાંથી તાજામાજા થવા સત્તા ભણી ગતિ કરવા થનગને છે. ઉત્તર પ્રદેશ સહિતનાં રાજ્યોમાં દિલ્હીશ્વરના ઈશારે અને રિમોટથી ભાજપ સત્તામાં આગેકૂચ કરી ચૂક્યો હોવાથી કૉંગ્રેસીઓ ઝાઝી પ્રતીક્ષા કરવાના મૂડમાં નથી. ૩૩ જિલ્લા પંચાયતોમાંથી ૨૩ જિલ્લા પંચાયતો કબજે કરવા જેવો કૉંગ્રેસને અનુકૂળ માહોલ પાટીદાર અનામત આંદોલને સર્જ્યો હતો, પણ ભાજપના નેતૃત્વએ એનો ફુગ્ગો ફોડી નાંખ્યા પછી ગાંધીનગર કબજે કરવાનું કૉંગ્રેસનું ખ્વાબ રોળાઈ જતું લાગે છે. ભાજપ સાથે ઘર માંડવા માટે જૂના કૉંગ્રેસીઓની યુવા પેઢી આતુર હોય ત્યારે સંઘમાં 'સદા વત્સલે' ગાન કરીને ઉછરેલા સ્વંયસેવકમાંથી વિપક્ષે ગયેલા સ્વગૃહે પાછા ફરવા આતુર હોય એમાં નવાઈ શી? 'બહતી મેં હાથ ધો લો' જેવા ખેલમાં હાથ લાગ્યું તે મેળવીને ય કેશુભાઈ-ગોરધનભાઈની જેમ, સ્વમાન સાથે છેડો ફાડીને ય, સત્તા સાથે સાથ જોડવામાં જ સ્વહિત છે. બાકી તો કૉંગ્રેસમાં રહીને સત્તાવિહોણા વાંઢામરણ દેખાતું હોય એવું લાગે છે.

પોતાની સ્પર્ધા સીધી જ વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે હોવાનું જોનારાઓને ભાજપની નેતાગીરીએ આગોતરા અડફેટમાં લીધા છે. દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ સવાર-સાંજ વડા પ્રધાનને ભાંડતા રહ્યા, પણ એમના પક્ષ 'આપ'ના પંજાબ અને ગોવામાં સત્તાના સમણાને ભગવી પાર્ટીએ ચકનાચૂર કર્યું. બાકી રહેતું હતું તે દિલ્હીની ત્રણ મહાનગરપાલિકાઓમાં પણ 'આપ'ને જમીનદોસ્ત કરી દેવાઈ. અત્યાર લગી ઈલેક્ટ્રોનિક વૉટિંગ મશીન (ઈવીએમ) થકી ભાજપ પર જીતવાનો આક્ષેપ કરતા રહેલા છુટ્ટા મોંઢાના કેજરીવાલમાં લોકોને ખૂબ આશા-આકાંક્ષા હતી, પણ ભાંડણલીલામાં જ રમમાણ રહ્યા પછી દિલ્હીની પ્રજાએ એમના પક્ષને ધૂળ ચટાડી છે. આ જ દિલ્હીની પ્રજાએ કેન્દ્રમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી હોવા છતાં વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં ૭૦માંથી ૬૭ બેઠકો "આપ"ને આપી હતી. ભાજપને રોકડી ત્રણ મળી હતી.

દિલ્હીમાં મહાનગરપાલિકામાં 'આપ'નાં સૂપડાં સાફ થયા પછી કેજરીવાલની સાન ઠેકાણે આવી લાગે છે. ભૂલો કર્યાનું કબૂલવા માંડ્યું છે. આત્મનિરીક્ષણ કરી પક્ષને ફરી બેઠો કરવા તત્પર થયા છે. આ તબક્કે 'અબ પછતાયે હોત ક્યા જબ ચિડિયા (ન.મો.) ચુગ ગઈ ખેત'ની અવસ્થા છે. કૉંગ્રેસના દિલ્હીના પ્રમુખો પણ ભાજપની છાવણી ભણી દોટ મૂકી ચૂક્યા છે, ત્યાં કેજરીવાલની સેનાને કેટલો સમય રોકી શકાશે? મોદી-અમિત શાહની વ્યૂહરચના ગુજરાતની ચૂંટણી પહેલાં જ 'આપ'ને થકવી નાંખવાની હતી. આમ પણ ગુજરાતમાં હજુ 'આપ'નું માળખું ગોઠવાયું નથી અને ચૂંટણી તો આવી સમજો. જોકે, શાહને ચૂંટણી નિયતસમયે આવતી લાગે છે, પણ કહે છે કે હજુ એ નક્કી નથી. કૉંગ્રેસ અને આંદોલનકારી વિરોધીઓ ઉપરાંત 'આપ'ની પ્રતિષ્ઠા ખતમ કર્યા પછી ભાજપ ગજગામી ચાલે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી જીતવા તરફ આગળ વધતો લાગે છે.

હમણાં ઉદ્યોગ અને વેપાર ક્ષેત્ર સાથે સંકળાયેલા કેટલાકની સાથે ચર્ચા થઈ. દિલ્હીમાં ભાજપનું શાસન હોય ત્યારે વેપાર ઉદ્યોગ કરવા માંગતો ગુજરાતી પોતાનું હિત ક્યાં છે એ બરાબર સમજે છે. વળી અત્યારે દેશમાં મોદીયુગ ચાલે છે. અગાઉના નેહરુયુગ કે ઈંદિરાગયુગની જેમ આ મોદીયુગનો દાયકો હોવાથી સત્તાની સામે પડવાનાં દુષ્પરિણામ વેપાર-ઉદ્યોગ કરનારી પ્રજા સુપેરે જાણે છે. ભાજપ યુગનાં વળતાં પાણી થશે ત્યારે

**અનુસંધાન પાના નં. ૫ પર**